# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૨
# (તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬, મંગળવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૨, તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
૨) ડૉ. અલકાબેન મેકવાન
૩) શ્રી વિજયસિંહ યુ. ઝાલા
૪) ડૉ. પરેશભાઇ વી. વિરપરીયા
૫) શ્રી રુષિકેશભાઇ શાહ
૬) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) શ્રી નીરજકુમાર સિંઘ (જાણ કરી)
૨) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ (જાણ કરી)
૩) શ્રી કેતનકુમાર પી. પટેલ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

(**સિન્ડિકેટ વિભાગ**)

**૧. તારીખઃ ૦૮-૦૪-૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબરઃ ૧૧ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૧૦-૦૪-૨૦૨૬ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ (**બિડાણઃ ૧ પૃ. ૧ થી ૩**) તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૦૮-૦૪-૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ૧૧ માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ (**બિડાણઃ ૧-અ**) તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૮/૦૪/૨૦૦૨૬ને બુધવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૧૧ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨. તારીખઃ **૧૧/૦૩/૨૦૨૬ને બુધવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૧૮** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬ને બુધવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૮ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

(સિન્ડિકેટ વિભાગ)

૩. તારીખઃ **૦૮/૦૫/૨૦૨૬ને શુક્રવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૧૯** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૩ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૮/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૯ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૪. તારીખઃ **૨૨/૦૫/૨૦૨૬ને શુક્રવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૦** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૪ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૨/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૦ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૫. તારીખઃ **૧૫/૦૬/૨૦૨૬ને સોમવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૧**ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૫ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૧ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

(સિન્ડિકેટ વિભાગ)

૬. તારીખઃ**૧૭/૦૭/૨૦૨૬ને શુક્રવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૨**ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૬ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૭/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૨ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

(એકેડેમિક વિભાગ)

૭. તારીખઃ ૨૩/૦૩/૨૦૨૬ના રોજ મળેલા ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતીની સભામાં અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ બાબત ક્રમાંક :૨માં પસાર કરેલ Review and Fixation of Fees ના સ્ટેચ્યુટ ૩૦૦, ૩૦૧ અને ૩૦૨ મુજબ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ સ્નાતક/અનુસ્નાતક સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોની નવી ફી નકકી કરવા તેમજ ફીમાં સુધારો કરવા માટેનું ફોર્મેટ પર વિચારણા કરવા બાબત..

(બિડાણઃ ૭)

**આથી ઠરાવવામાં આવે છે કે અભ્યાસક્રમોની નવી ફી મંજૂર કરવા તેમજ ફીમાં સુધારો કરવા માટેના ફોર્મેટને મંજૂર કરવામાં આવે છે.**

(એસ્ટેટ વિભાગ)

૮. સરદાર પટેલ યુનિવર્સિટી સ્થિત યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને ભાડેથી આપેલ જગ્યાનો ભાડા કરાર રીન્યુ કરવા માટે તથા ૨૫૦ ચો.ફૂટ જગ્યા વધારાના બાંધકામ માટે ફાળવી આગામી ૧૦ વર્ષ માટે ભાડા કરાર રીન્યુ કરવાનો સમયગાળો ત્રણ વર્ષના બદલે પાંચ વર્ષ કરવાના બેંકના પત્ર પર ચર્ચા વિચારણા કરવા બાબત બાબત.

(બિડાણ : ૮)

**નોંધઃ-**

૧. સરદાર પટેલ યુનિવર્સિટી સ્થિત બેંક યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને હાલ ૮૨૪.૫૦ ચો.ફૂટની જગ્યા ભાડા કરારથી ફાળવેલ છે. તે ઉપરાંત બેંકની રજૂઆત મુજબ વધારાની ૨૫૦ ચો.ફૂટ જગ્યા લોકરની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રજૂઆત પ્રાપ્ત થયેલ હોઈ યુનિવર્સિટી દ્વારા બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટીની સભા તારીખઃ ૨૯/૦૮/૨૦૨૩, બાબત ક્રમાંક : ૦૬ તથા જે બાબતે સિન્ડિકેટ સભા દ્વારા તારીખ:30/૦૯/ ૨૦૨૩, બિડાણઃ ૦૮ બાબત ક્રમાંક 30 થી ઉપરોકત રજૂઆત મુજબ ૨૫૦ ચો. ફૂટ જગ્યા ફાળવવા ભલામણ કરવામાં આવેલ.

૨. સિન્ડિકેટ સભાની ભલામણ મુજબ મેનેજર યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને લોકરની વધારાની ૨૫૦ ચો. ફૂટ જગ્યાના ડ્રોઈંગ તૈયાર કરાવી યુનિવર્સિટીની મંજૂરી મેળવવા જાણ કરવામાં આવેલ તથા તેમનો ભાડા કરાર ૨૦૨૩માં પૂર્ણ થયેલ જેથી નવા ભાડા સાથેનો નવો ભાડા કરાર કરાવી લેવા પત્રાંક એલ/૫૪૩૭ તારીખઃ ૨૧/૧૧/૨૦૨૩થી જાણ કરવામાં આવેલ.

૩. સદર બાબતે મેનેજર યુનિયન બેંક દ્વારા કરારની શર્તોની નકલ યુનિવર્સિટીને રજૂ કરવામાં આવેલ પરંતુ યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ પડેલ હોઈ યુનિવર્સિટી કોમન એક્ટના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન મુજબ નાયબ નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને મંજૂરી માટે પત્રાંકઃ ૫૫૮૫ તારીખઃ ૧૭/૧૨/૨૦૨૪થી પત્ર પાઠવેલ.

૪. સદર બાબતના સંદર્ભમાં કોમન એક્ટમાં દર્શાવેલ પાવર એન્ડ ડયૂટી જ ઓફ બોર્ડ ઓફ મેનેજમેન્ટ પેજ ૨૬ અને ૨૭ પેજ ૧૫ (m) મુજબ આ પ્રકારની બિલ્ડીંગ ભાડે/કરાર થી આપવા માટેની સત્તા બોર્ડ ઓફ મેનેજમેન્ટ ધરાવે છે. જેને ધ્યાને લઈ બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજૂરી મેળવી સદર ભાડા કરાર અંગે ચર્ચા વિચારણા કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ ૧૧ તારીખઃ ૦૮/૦૪/૨૦૨૬ બાબત ક્રમાંકઃ ૦૪ થી ચર્ચા વિચારણા

કરવામાં આવેલ જે મુજબ ભાડા કરાર (લીઝ ડીડ)ની મુદ્દત ત્રણ (૦૩) વર્ષ માટે રાખવાનું તથા ભાડામાં ૧૫% ટકા વધારો કરવાની અને બેંક લોકરની સુવિધામાં યુનિવર્સિટીના કર્મચારીઓને પ્રાધાન્ય આપવા ભલામણ કરેલ.

૫. સદર બાબતે બેંક મેનેજરશ્રીને પત્રાંક એલ/૫૭૮ તારીખઃ ૨૭/૪/૨૦૨૬થી જાણ કરતા લીઝ ડીડની મુદ્દતની સમય મર્યાદા નિયમ મુજબ પાંચ (૦૫) વર્ષની જ હોય છે. જે ઘટાડી ન શકાય તેથી સમય મર્યાદા પાંચ (૦૫) વર્ષની કરવા પત્રાંક : Br/Lease/૦૧/૨૦૨૬-૨૭ તારીખઃ ૧૬/૦૭/૨૦૨૬થી જણાવેલ. જે બિડાણથી સામેલ છે.

૬. બેંક મેનેજરશ્રીના પત્રાંક ને ઘ્યાને લઇ કાર્યાલય સૂચના અનુસાર લીઝ ડીડની મુદ્દત ત્રણ (૦૩) વર્ષને બદલે (૦૫) વર્ષની કરવા માટે ચર્ચા વિચારણા કરવા સદર બાબત અત્રે રજૂ કરેલ છે.

**ચર્ચા વિચારણાને અંતે બેંક મેનેજરશ્રીના પત્રને આધારે (લીઝ ડીડ)ની મુદ્દત ત્રણ (૦૩) વર્ષને બદલે (૦૫) પાંચ વર્ષ કરવા ઠરાવવામાં આવ્યું.**

**(હિસાબ વિભાગ)**

૯. જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી જિલ્લા સેવા સદન, આણંદ દ્વારા સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષનો અન્વેષણ અહેવાલ, યુ.જી.સી.નો અન્વેષણ અહેવાલ તેમજ પ્રોવિડન્ટ ફંડનો અન્વેષણ અહેવાલના તૈયાર કરેલ ફકરાઓના જવાબો પર ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ- ૯)**

(નોંધઃ તારીખઃ ૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતિ દ્વારા બાબત ક્રમાંક ૧૦ થી ભલામણ કરેલ તથા તારીખઃ ૧૭/૦૭/૨૦૨૬ના રોજ મળેલ એક્ઝ્યુકેટીવ કાઉન્સીલની સભા દ્વારા ઠરાવ નં. ૧૯ થી નીચે મુજબ ઠરાવ કરેલ છેઃ

**"જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી જિલ્લા સેવા સદન, આણંદ દ્વારા સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષનો અન્વેષણ અહેવાલ, યુ.જી.સી.નો અન્વેષણ અહેવાલ તેમજ પ્રોવિડન્ટ ફંડનો અન્વેષણ અહેવાલના તૈયાર કરેલ ફકરાઓના જવાબો ગ્રાહ્ય રાખવામાં આવ્યા.")**

**ચર્ચા વિચારણાને અંતે જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી જિલ્લા સેવા સદન, આણંદ દ્વારા સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષનો અન્વેષણ અહેવાલ, યુ.જી.સી.નો અન્વેષણ અહેવાલ તેમજ પ્રોવિડન્ટ ફંડનો અન્વેષણ અહેવાલના તૈયાર કરેલ ફકરાઓના જવાબો વંચાણે લેવામાં આવ્યા.**

**(એકેડેમિક વિભાગ)**

૧૦. તારીખ: ૨૮/૦૭/૨૦૨૬ના મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભાઃ ૨૩ ના બાબત ક્રમાંક : ૮ અંતર્ગત એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભાની કાર્યનોંધમાં કરવામાં આવેલ ભલામણ ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત:

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખ: ૨૮/૦૭/૨૦૨૬ના મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભા: ૨૩ ની કાર્યનોંધને મંજુર કરતા પહેલા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ દ્વારા ઈન્ટરનલ કમિટી (ઈન્ટરનલ કમ્પલેઈન કમિટી ICC) નો રીપોર્ટ તથા તેના આધાર પુરાવા ધ્યાને લેવામાં આવ્યા. ત્યારબાદ તારીખ :૧૭/૦૭/૨૦૨૬ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભા: ૨૨ના બાબત ક્રમાંક: ૨૩નો ઠરાવ તથા ડૉ. મનીષ સોલંકી દ્વારા તારીખ ૧૬/૦૭/૨૦૨૬ની અપીલ અને તારીખ: ૨૭/૦૭/૨૦૨૬ના રોજ રજુ કરેલ જવાબ પણ ધ્યાને લેવામાં આવ્યા. આ સમગ્ર બાબતોને ધ્યાને લઈ પુખ્ત ચર્ચા વિચારણા કરી તારીખ: ૧૭/૦૭/૨૦૨૬ તથા તારીખ: ૨૮/૦૭/૨૦૨૬ના એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભાની કાર્યનોંધો મંજુર કરવામાં આવી છે. જેથી તદ્અનુસાર કાર્યવાહી કરવાની થાય.**

(સિન્ડિકેટ વિભાગ)

૧૧. તારીખઃ**૨૮/૦૭/૨૦૨૬ને મંગળવાર**ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૩**ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ૧૦ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૩ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

કુલસચિવ

નંબરઃ કે.૧/૨૯૭૨
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.